**નોંધ:** (1) રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની સ્થાપના વર્ષ 1954માં કરવામાં આવી હતી. તે દેશનો સૌથી પ્રસિદ્ધ એવોર્ડ સમારોહ છે.

(2) ડિરોક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ (ભારત), ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા અને ઈન્ડિયન પેનોરમાં સાથે પુરસ્કારો રજૂ કરે છે.

(3) આ પુરસ્કારો નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે આપવામાં આવે છે.









| | | |
|---|---|---|
| 1. | ‘લઘુ ઉદ્યોગ દિવસ’ અથવા તો ‘રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 28 ઓગસ્ટ (B) 29 ઓગસ્ટ (C) 30 ઓગસ્ટ (D) 31 ઓગસ્ટ | (C) |
| 2. | તાજેતરમાં ભારતીય ટેક્નોલોજી કંપની ‘ઈન્ફોસિસ’ના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા છે ?<br>(A) શ્રી વિરાટ કોહલી (B) શ્રી ટાયગર વૂડ<br>(C) શ્રી રાફેલ નડાલ (D) શ્રી રોહિત શર્મા | (C) |
| 3. | તાજેતરમાં ભારતના 69માં રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડમાં ‘બેસ્ટ ફિલ્મ’નો એવોર્ડ કોને એનાયત થયો છે ?<br>(A) રોકેટ્રી (B) RRR (C) ગોદાવરી (D) મીમી | (A) |
| 4. | તાજેતરમાં ભારતના 69માં રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડમાં ‘બેસ્ટ એક્ટર’નો એવોર્ડ કોને મળ્યો છે ?<br>(A) શ્રી અલ્લુ અર્જુન (B) શ્રી રામ ચરણ<br>(C) શ્રી રણબીર કપુર (D) શ્રી વરુણ ધવન | (A) |
| 5. | તાજેતરમાં ભારતના 69માં રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડમાં ‘બેસ્ટ એક્ટ્રેસ’નો એવોર્ડ કોને મળ્યો છે ?<br>(A) સુશ્રી દીપીકા પાદુકોણ (B) સુશ્રી કિયારા અડવાણી<br>(C) સુશ્રી આલિયા ભટ્ટ અને સુશ્રી કૃતિ સેનન (D) સુશ્રી કંગના રાણાવત અને સુશ્રી અદિતિ શંકર | (C) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 31 ઓગસ્ટ, (1) આફ્રિકન મૂળના લોકો માટે આંતરરાષ્ટ્રીય દિવસ
## (2) વિશ્વ સંસ્કૃત દિવસ
## (શ્રાવણ મહિનાની પૂર્ણીમાના દિવસે)

### વિશ્વ સંસ્કૃત દિવસ




વિશ્વ સંસ્કૃત દિવસ દર વર્ષે શ્રાવણ મહિનાની પૂર્ણીમાના દિવસે ઉજવવામાં આવે છે.

- આ અંતર્ગત વર્ષ 2023માં 31 ઓગસ્ટના રોજ વિશ્વ સંસ્કૃત દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- સંસ્કૃતના પ્રતિષ્ઠિત વિદ્વાન અને વ્યાકરણશાસ્ત્રી પાણિનીની જન્મજયંતિને શ્રદ્ધાંજલિ તરીકે ઉજવવામાં આવે છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સંસ્કૃત ભાષાના પુનરુત્થાન અને જાળવણીને પ્રોત્સાહન આપવાનો છે.
- કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે રાજ્ય અને કેન્દ્ર સરકારોને જાહેરનામુ બહાર પાડયા બાદ વર્ષ 1969માં આ દિવસની પ્રથમવાર ઉજવણી કરવામાં આવી હતી.

નોંધ : (1) સંસ્કૃત એ ભારતીય બંધારણની આઠમી અનુસૂચિમાં સમાવિષ્ટ 22 સત્તાવાર ભાષાઓમાંની એક છે.

(2) વર્ષ 2010માં સંસ્કૃતને ઉત્તરાખંડની બીજી સત્તાવાર ભાષા તરીકે જાહેર કરવામાં આવી હતી.

(3) કર્ણાટકના મત્તુર ગામમાં દરેક વ્યક્તિ સંસ્કૃત ભાષા બોલચાલની રીતે વાપરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં 27% OBC અનામત

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ એટલે કે પાલિકા પંચાયતોમાં અન્ય પછાત વર્ગો (OBC)ને 27% પ્રતિનિધિત્વ આપવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નિર્ણય કર્યો હતો.



- તાજેતરમાં મળેલી મંત્રી પરિષદની બેઠકમા નિવૃત્ત ચીફ જસ્ટિસ કલ્પેશ ઝવેરી કમિશનની ભલામણોનો સરકારે સ્વીકાર કર્યો હતો.
- ત્યારબાદ રાજ્ય સરકારે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં OBC માટેની અનામત વર્તમાન 10%થી વધારી 27% કરી છે.
- કે. કૃષ્ણમૂર્તિ (ડો) વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (2010)ના કેસમાં પાંચ જજની બંધારણીય બેંચના નિર્ણયમાં સુપ્રીમ કોર્ટે અનુચ્છેદ 243D(6) અને અનુચ્છેદ 243T(6)નું અર્થઘટન કર્યુ હતું, જે અનુક્રમે પંચાયત અને મ્યુનિસિપલ સંસ્થાઓમાં પછાત વર્ગો માટે કાયદો બનાવીને અનામત આપે છે.

## ઝવેરી કમિશન

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં OBCને 27% અનામત આપવાનો નિર્ણય ઝવેરી કમિશનની ભલામણના આધારે કરવામાં આવ્યો છે.

- ગુજરાતની સ્થાનિક સંસ્થાઓમાં OBC અનામત માટેના સૂચનો આપવા માટે વર્ષ 2022માં સુપ્રીમ કોર્ટના નિર્દેશના જવાબમાં આ કમિશનની રચના કરવામાં આવી હતી.
- વિસ્તૃત 27% OBC અનામત સ્થાનિક સંસ્થાઓના તમામ સ્તરો (મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત) પર લાગુ થશે.
- જોકે ઉન્નત OBC આરક્ષણ PESA એક્ટ 1996 હેઠળ આવરી લેવામાં આવેલા વિસ્તારોમાં લાગુ થશે નહીં જ્યાં અનુસૂચિત જનજાતિ (ST)ની વસતી 50%થી વધુ છે, OBC ઉમેદવારોને આવા વિસ્તારોમાં 10% અનામત મળશે.
- SC (14%) અને ST (7%) માટેનો હાલનો ક્વોટા સુપ્રીમ કોર્ટ દ્વારા ફરજિયાત 50% અનામત મર્યાદાનું ઉલ્લંઘન કર્યા વિના યથાવત છે.

## UWW દ્વારા રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાનું સભ્યપદ સસ્પેન્ડ

રેસલિંગની રાષ્ટ્રીય નિયમનકારી સંસ્થા રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI)ને વર્લ્ડ રેસલિંગ ફેડરેશન (વિશ્વ કુસ્તી સંઘ) દ્વારા સમયસર ચૂંટણી ન યોજવા બદલ અસ્થાયીરૂપે સસ્પેન્ડ કરવામાં આવ્યું છે.

- તેનાથી ભારતીય કુસ્તીબાજો પર ગંભીર અસર પડશે, જેઓ સર્બિયામાં આગામી વર્લ્ડ ચેમ્પિયનશિપ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં.
- UWWએ તેના બંધારણના ઉલ્લંઘનના આધારે WFIને સસ્પેન્ડ કર્યુ છે, જે તમામ સભ્ય ફેડરેશનોને દર ચાર વર્ષે પોતાની ચૂંટણીઓ યોજવાનું ફરજિયાત કરે છે.
- WFIની ચૂંટણી ફેબ્રુઆરી 2023માં યોજાવાની હતી પરંતુ WFIના પ્રમુખ અને સામે કેટલા અગ્રણી કુસ્તીબાજો દ્વારા જાતીય સતામણી, વહીવટી ક્ષતી વગેરે જેવા વિવિધ આરોપોના કારણે વિલંબ થયો છે.

નોંધ : (1) રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI) એ ભારતમાં કુસ્તીનું સંચાલન કરતી સંસ્થા છે. તેનું મુખ્યમથક નવી દિલ્હીમાં આવેલું છે.

(2) યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ (UWW) એ કુસ્તી (રેસલિંગ)ની રમત માટેનું આંતરરાષ્ટ્રીય સંચાલક મંડળ છે. તે ઓલિમ્પિક્સ અને વર્લ્ડ ચેમ્પિયનશિપમાં કુસ્તી પર નજર રાખે છે.

(3) UWWનું મુખ્ય મથક સ્વિટ્ઝર્લેન્ડના કોર્સિયર–સુર–વેવેમાં સ્થિત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. ‘આફ્રિકન મૂળના લોકો માટે આંતરરાષ્ટ્રીય દિવસ’ તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 30 ઓગસ્ટ (B) 31 ઓગસ્ટ (C) 1 સપ્ટેમ્બર (D) 2 સપ્ટેમ્બર

(B)

2. ‘વિશ્વ સંસ્કૃત દિવસ’ ક્યારે ઉજવવામાં આવે છે ?

(A) શ્રાવણી પૂર્ણીમા (B) શ્રાવણી અમાસ

(C) આસો પૂર્ણીમા (D) આસો અમાસ

(A)

3. ‘તાજેતરમાં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં OBCને કેટલા ટકા અનામત આપવાનો નિર્ણય કર્યો છે ?

(A) 12% (B) 22% (C) 27% (D) 50%

(C)

4. તાજેતરમાં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં OBCને 27% પ્રતિનિધિત્વ આપવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નિર્ણય કર્યો હતો. આ નિર્ણય કયા કમિશનની ભલામણને આધારે કરવામાં આવ્યો છે ?

(A) કપુર કમિશન (B) ઝવેરી કમિશન

(C) શાહ કમિશન (D) નરેન્દ્ર કમિશન

(B)

5. તાજેતરમાં સમાચારમાં રહેલ UWW વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ 'United World Wrestling' છે.

2. તે કુસ્તી (રેસલિંગ)ની રમત માટેનું આંતરરાષ્ટ્રીય સંચાલક મંડળ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા

(C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## G20 સંસ્કૃતિ મંત્રી સ્તરની બેઠક




તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના વારાણસીમાં G20 સંસ્કૃતિ મંત્રી સ્તરની બેઠક પૂર્ણ કરી હતી.

- જેમાં સાંસ્કૃતિક વારસાને સુરક્ષિત કરવા, પ્રત્યાવર્તનને હાઈલેટ કરવા અને મિલકતો માટેના જોખમોને સંબોધવા સંમત થયા હતા.

### G20 સંસ્કૃતિ (કલ્ચર) સમિટની મુખ્ય બાબતો

#### કાશી કલ્ચર પાથવે

'કાશી કલ્ચર પાથવે' દસ્તાવેજમાં સાંસ્કૃતિક વારસા માટેના વિવિધ જોખમોની ઓળખ કરવામાં આવી છે.

- જેમાં લૂંટ, સાંસ્કૃતિક સંપત્તિની ગેરકાયદે હેરફેર, સાંસ્કૃતિક સ્થળોનો વિનાશ, અવશેષોની અપવિત્રતા વગેરેનો સમાવેશ થાય છે.

#### સાંસ્કૃતિક ખતરાની અસર

- આ ખતરાઓથી સાંસ્કૃતિક ગુણધર્મોને ઉલટાવી શકાય તેવું નુકસાન, સામાજિક–સાંસ્કૃતિક પ્રથાઓમાં વિક્ષેપ અને લોકો તથા સમુદાયોના સાંસ્કૃતિક, માનવ, આર્થિક અને સામાજિક અધિકારો પર અસર તરફ દોરી શકે છે.

#### ગેરકાયદે ઓનલાઈન વેપાર અંગે ચિંતા

- આ સમિટમાં G20 દેશોના સંસ્કૃતિ મંત્રીઓએ સાંસ્કૃતિક સંપત્તિની ગેરકાયદે હેરફેરને સક્ષમ કરતા ઓનલાઈન પ્લેટફોર્મ વધવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. અને આ મુદ્દાને ઉકેલવા માટે નિયમોની જરૂરિયાતો પર ભાર મૂકયો હતો.

#### સાંસ્કૃતિક મિલકત અને સંગઠિત અપરાધ વચ્ચેનો સંબંધ

- મંત્રીઓએ સાંસ્કૃતિક સંપત્તિના વિનાશ અને હેરફેર તથા સંગઠિત ગુનાઓ જેમ કે મની લોન્ડરિંગ, ભ્રષ્ટાચાર, કરચોરી અને આતંકવાદને ધિરાણ, ખાસ કરીને યુદ્ધની પરિસ્થિતિઓમાં વચ્ચેની કડી પર પ્રકાશ પાડયો હતો.

#### પ્રધાનમંત્રી સંગ્રહાલય

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીમાં 'પ્રધાનમંત્રી મ્યુઝિયમ' પર પ્રકાશ પાડયો હતો, જે ભારતના લોકશાહી વારસાને દર્શાવે છે.
- અને 'યુગ–યુગીન ઈન્ડિયા' રાષ્ટ્રીય સંગ્રાહાલયના વિકાસને દર્શાવે છે. જે ભારતના 5000 વર્ષથી વધુના ઈતિહાસ અને સંસ્કૃતિને પ્રદર્શિત કરશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સાંસ્કૃતિક વિનાશ સામે એકતા

- તમામ સહભાગી રાષ્ટ્રોએ સાંસ્કૃતિક વારસાના ઈરાદાપૂર્વક અથવા કોલેટરલ વિનાશ સામે એકતા વ્યક્ત કરી હતી, ખાસ કરીને યુદ્ધના સંજોગોમાં જે શાંતિ અને ટકાઉ વિકાસને અવરોધે છે.

# બિઝનેસ 20 (B20) ઈન્ડિયા 2023 સમિટ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીમાં બિઝનેસ 20 (B20) ઈન્ડિયા 2023 સમિટને સંબોધિત કરી હતી.

## B20 ઈન્ડિયા 2023ની થીમ

B20 ઈન્ડિયા સમિટની થીમ 'R.A.I.S.E.' છે.

- એટલે કે R-Responsible (જવાબદાર), A-Accelerated (ઝડપી), I-Innovative (નવીન), S-Sustainable (ટકાઉ), E-Equitable businesses (સમાન વ્યવસાયો).
- તેનો ઉદ્દેશ્ય વૈશ્વિક ભાગીદારો સાથે સમાવેશી વૈશ્વિક મૂલ્ય શૃંખલા (GVC), ઊર્જા અને આબોહવા પરિવર્તન, ડિજિટલ પરિવર્તન, નાણાકીય સમાવેશ અને ભાવિ રોજગાર જેવા ક્ષેત્રોમાં સહયોગ કરવાનો છે.

## સમિટના મુખ્ય મુદ્દાઓ

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વૈશ્વિક વ્યાપાર સાથે સંકળાયેલા દેશોને માત્ર બજારો તરીકે ગણવા સામે ચેતવણી આપી હતી.

- બજારની નફાકારક સ્થિતિ જાળવવા માટે ઉત્પાદકો અને ગ્રાહકો બંનેના હિતોને સંતુલિત કરવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.
- આ ઉપરાંત COVID-19 મહામારીના પગલે વૈશ્વિક પુરવઠા શૃંખલાઓમાં ઉલટાવી શકાય તેવા વિક્ષેપો તરફ ધ્યાન દોરે છે.
- આ સમિટમાં પરંપરાગત 'બ્રાન્ડ અને વેચાણ' અભિગમના પુનઃ પરિચયને સમર્થન આપવામાં આવ્યું હતું.
- પાંચ વર્ષમાં 135 મિલિયન લોકોને ગરીબીમાંથી બહાર કાઢવામાં અને નવો ગ્રાહક આધાર બનાવવામાં ભારતની સફળતાને પ્રકાશિત કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ઉત્પાદકો અને ખરીદદારો વચ્ચે વિશ્વાસ વધારવા માટે વાર્ષિક 'આંતરરાષ્ટ્રીય ગ્રાહક સેવા દિવસ'નું સૂચન કરવામાં આવ્યું હતું.
- ક્રિપ્ટો કરન્સી અને AI દ્વારા ઉભરતા પડકારોને સંબોધવામાં આવ્યા હતા.

## બિઝનેસ 20 (B20) વિશે

B20 એ સત્તાવાર G20 સંવાદ મંચ છે, જેમાં વૈશ્વિક વેપારી સમુદાય સામેલ છે.

- વૈશ્વિક આર્થિક અને વેપાર નિયંત્રણો પર વૈશ્વિક વ્યાપારી નેતાઓના મંતવ્યો એકત્ર કરવામાં B20 અગ્રણી ભૂમિકા ભજવે છે.
- તે સમગ્ર G20 બિઝનેસ સમુદાયના એકીકૃત અવાજનું પ્રતિનિધિત્વ કરે છે.
- G20 પ્રેસિડેન્સી દ્વારા દર વર્ષે B20 અધ્યક્ષની નિમણૂક કરવામાં આવે છે, જેને B20 શેરપા (પ્રતિનિધિ) અને સચિવાલય દ્વારા સમર્થન મળે છે.
- B20 સર્વસંમતિ – આધારિત નીતિ ભલામણો માટે જવાબદાર ટાસ્ક ફોર્સિસ અને એકશન કાઉન્સિલ દ્વારા કાર્ય કરે છે.

## ઈલેક્ટ્રિફાઈડ ફ્લેક્સ ઈંધણ વ્હીકલ



તાજેતરમાં ટોયોટા કિર્લોસ્કર મોટર દ્વારા વિકસિત વિશ્વના પ્રથમ ભારત સ્ટેજ-6 (BS-6) સ્ટેજ-II, ઈલેક્ટ્રિફાઈડ ફ્લેક્સ ફ્યુઅલ વ્હીકલના પ્રોટોટાઈપનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

- આ વાહન 85% ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ પર ચલાવવા માટે સક્ષમ છે. અને તેમાં ઈલેક્ટ્રિક પાવરટ્રેનની સુવિધા છે.
- પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય G20 કરતા વધુ ઈથેનોલ મિશ્રણ સાથે પેટ્રોલને બદલવા માટે ફ્લેક્સ–ઈંધણ વાહનોની સંભવિતતાને પણ પ્રકાશિત કરી છે.

## ઈલેક્ટ્રિફાઈડ ફ્લેક્સ ફ્યુઅલ વ્હીકલ

ઈલેક્ટ્રિફાઈડ ફ્લેક્સ ફ્યુઅલ વ્હીકલમાં ફ્લેક્સિ ફ્યુઅલ એન્જિન અને ઈલેક્ટ્રિક પાવરટ્રેન બંને હોય છે.

- જે તેને ઉચ્ચ ઈથેનોલ ઉપયોગ અને ખૂબ જ ઊંચી ઈંધણ કાર્યક્ષમતાનો બેવડો લાભ પ્રદાન કરવાની ક્ષમતા આપે છે.

- <u>ફ્લેક્સ ફ્યુઅલ વ્હીકલ (FFV)</u>ને મજબૂત હાઈબ્રિડ ઈલેક્ટ્રિક ટેક્નોલોજી સાથે સંકલિત કરવામાં આવે છે, ત્યારે તેને <u>FFV-SHEV</u> (ફ્લેક્સ ફ્યુઅલ સ્ટ્રોંગ હાઈબ્રિડ ઈલેક્ટ્રિક વ્હીકલ) તરીકે ઓળખવામાં આવે છે.
- સ્ટ્રોંગ હાઈબ્રિડ એ સંપૂર્ણ હાઈબ્રિડ વ્હીકલ માટેનો બીજો શબ્દ છે, જે ફક્ત ઈલેક્ટ્રિક અથવા પેટ્રોલ મોડ પર ચલાવવાની ક્ષમતા ધરાવે છે.

**મહત્વ**

ઈલેક્ટ્રિક પાવરટ્રેનનું એકીકરણ પરંપરાગત ઈંધણ પરની નિર્ભરતા ઘટાડે છે, જે ટકાઉ પરિવહન અને ભારતની <u>'આત્મનિર્ભર ભારત'</u> પહેલમાં ફાળો આપે છે, કારણ કે તેનાથી ઈથેનોલનું ઉત્પાદન વધે છે.

- SHEVની જેમ આ વાહન <u>ઈથેનોલ અને વીજળીના</u> ઉપયોગને શ્રેષ્ઠ બનાવીને નોંધપાત્ર રીતે ઊંચી ઈંધણ કાર્યક્ષમતા પ્રાપ્ત કરી શકે છે.
- FFVના ઉપયોગને પ્રોત્સાહન આપીને ભારત <u>પેટ્રોલનો વપરાશ</u> ઘટાડીને વિપુલ પ્રમાણમાં ઈથેનોલ ક્ષમતાનો લાભ ઉઠાવી શકે છે.
- આ વાહન ડીકાર્બોનાઈઝેશન અને હરિયાળી ગતિશીલતા તરફ નોંધપાત્ર પ્રગતિનું પ્રતિનિધિત્વ કરે છે, જે આબોહવા પરિવર્તન સામે લડવાના વૈશ્વિક પ્રયાસો સાથે સંરેખિત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



**1.** તાજેતરમાં સમાચારમાં રહેલ 'કાશી કલ્ચર પાથવે' (Kashi Culture Pathway) દસ્તાવેજ કયા જૂથ સાથે સંબંધિત છે ?

(A) G20 (B) G7 (C) BRICS (D) BIMSTEC

**(A)**

**2.** 'બિઝનેસ 20 (B20) ઈન્ડિયા 2023 સમિટ'નું યજમાન કયું શહેર હતું ?

(A) ચેન્નાઈ (B) વિશાખાપટ્ટનમ (C) નવી દિલ્હી (D) ગુરુગ્રામ

**(C)**

**3.** 'બિઝનેસ 20 (B20)' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. B20 એ સત્તાવાર G20 સંવાદ મંચ છે જેમા વૈશ્વિક વેપારી સમુદાય સામેલ છે.
2. B20 દ્વારા 'Asia and world' નામનો બિઝનેસ રિપોર્ટ બહાર પાડવામાં આવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા

**(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**4.** તાજેતરમાં કોના દ્વારા વિકસિત વિશ્વના પ્રથમ ભારત સ્ટેજ-6 (BS-6) સ્ટેજ II, ઈલેક્ટ્રિફાઈડ ફ્લેક્સ ફ્યુઅલ વ્હીકલના પ્રોટોટાઈપનું અનાવરણ કરવામાં આવ્યું હતું ?

(A) ટોયોટા કિર્લોસ્કર (B) ફોર્ડ મોટર કંપની

(C) BYD કંપની લિમિટેડ (D) જનરલ મોટર્સ (GM)

**(A)**

## દિવસ મહિમા : 2 સપ્ટેમ્બર, વિશ્વ નાળિયેર દિવસ (World Coconut Day)



- સમગ્ર વિશ્વમાં દર વર્ષે 2 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ નાળિયેર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વિશ્વ નાળિયેર દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ઉદ્યોગો માટે કાચા માલ તરીકે નાળિયેરના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો અને તેના ઉપયોગ અંગે જાગૃતિ ફેલાવવાનો છે.
- નાળિયેરની ખેતી આપણા દેશમાં અસંખ્ય લોકોને રોજગારી પૂરી પાડે છે.
- નાળિયેર વિકાસ બોર્ડ (CBD) કૃષિ મંત્રાલય હેઠળ નાળિયેરની ખેતી અને ઉદ્યોગના સંકલિત વિકાસ માટે સ્થાપિત વૈધાનિક સંસ્થા છે.
- નાળિયેરનું વૈજ્ઞાનિક નામ **'Cocos Nucifera'** છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાષ્ટ્રીય પોષણ માસ 2023 (National Nutrition Week)




- મહિલા અને બાળ વિકાસ મંત્રાલય સપ્ટેમ્બર 2023માં છઠ્ઠો રાષ્ટ્રીય પોષણ મહિનો ઉજવી રહ્યું છે.
- મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા દર વર્ષે સપ્ટેમ્બર માસને પોષણ માસ તરીકે ઉજવવામાં આવે છે.

### રાષ્ટ્રીય પોષણ માસ 2023ની વિશેષતાઓ

- આ ઉજવણીનો ઉદ્દેશ મિશન પોષણ 2.0ના આધાર પર જીવનચક્રના અભિગમ દ્વારા કુપોષણનો વ્યાપક સામનો કરવાનો છે.
- તેમનું ફોકસ સમગ્ર ભારતમાં બહેતર પોષણને પ્રોત્સાહન આપવા માટે માનવ જીવનના નિર્ણાયક તબક્કાઓ – ગર્ભાવસ્થા, બાલ્યાવસ્થા, બાળપણ અને કિશોરાવસ્થા વિશે સામૂહિક જાગૃતિ લાવવાનો છે.
- રાષ્ટ્રીય પોષણ માસ 2023ની થીમ 'સુપોષિત ભારત, સાક્ષર ભારત, સશક્ત ભારત' છે.
- જે સ્વસ્થ અને મજબૂત રાષ્ટ્રના નિર્માણમાં પોષણ, શિક્ષણ અને સશક્તિકરણના મહત્ત્વ પર ભાર મૂકે છે.
- મહિના સુધી ચાલનારી આ ઈવેન્ટમાં સ્તનપાન અને પૂરક ખોરાક જેવા મુખ્ય વિષયો પર ધ્યાન કેન્દ્રીત કરતા અભિયાનો દ્વારા પાયાના સ્તરે પોષણ જાગૃતિ વધારવાનો રાષ્ટ્રવ્યાપી પ્રયાસ જોવા મળશે.

- આ પ્રયાસોમાં નીચેની પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે :
  (a) સારા પોષણ અને એકંદર સુખાકારી માટે તંદુરસ્ત સ્પર્ધાને પ્રોત્સાહિત કરવા માટે સ્વસ્થ બાળ સ્પર્ધા. (સ્વસ્થ બાળ સ્પર્ધા)
  (b) પોષણ ભી પઢાઈ ભી (પોષણ અને શિક્ષણ), મિશન લાઈફ (પર્યાવરણ માટે જીવન શૈલી), પોષણ વિશે આદિવાસી સમુદાયોને સંવેદનશીલ બનાવવું અને ટેસ્ટ, ટ્રીટ, ટોક અભિગમ દ્વારા એનિમિયાને સંબોધિત કરીને પોષણમાં સુધારો કરવો.

નોંધ: (1) પોષણ અભિયાન એ સગર્ભા સ્ત્રીઓ, સ્તનપાન કરાવતી માતાઓ, બાળકો અને કિશોરવયની છોકરીઓ માટે પોષણના પરિણામો સુધારવા માટે ભારત સરકારનો મુખ્ય કાર્યક્રમ છે.

(2) આ મિશનની શરૂઆત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 8 માર્ચ, 2018ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસર પર કરી હતી.

(3) નાણાકીય વર્ષ 2021-22માં ભારત સરકારએ સંકલિત બાળ વિકાસ સેવાઓ (ICDS) અને POSHAN (પ્રધાનમંત્રી સમગ્ર પોષણ યોજના) અભિયાનને સક્ષમ આંગણવાડીઓ અને પોષણ 2.0માં પુનઃરચના કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## આફ્રિકન દેશ ગેબોનમાં બળવો

નાઈજર બાદ વધુ એક આફ્રિકન દેશ ગેબોનમાં પણ લશ્કરી બળવો થયો છે.



- બળવાની જાહેરાત કરતી વખતે ગેબોનના સૈન્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે 2009થી સત્તામાં રહેલા રાષ્ટ્રપતિ અલી બોંગો ઓન્ડિમ્બાને પણ નજરકેદમાં રાખ્યા છે.
- રોયટર્સના અહેવાલ મુજબ સેનાના અધિકારીઓએ એક ટીવી ચેનલના માધ્યમથી બળવા અંગેની માહિતી આપી હતી.
- ગેબોનના રાષ્ટ્રપતિ અલિ બોન્ગો ઓન્ડિમ્બા સામે ચૂંટણીમાં છેતરપિંડી અને ભ્રષ્ટાચારના આરોપોથી બળવાનો પ્રયાસ થયો છે, જે દેશમાં વધતી જતી અસંતોષને પ્રતિબિંબિત કરે છે.

## ગેબોન

ગેબોન મધ્ય આફ્રિકાના એટલાન્ટિક કિનારે આવેલો એક દેશ છે.

- તેની ઉત્તરપશ્ચિમમાં વિષુવવૃત્તીય ગિની, ઉત્તરમાં કેમરૂન, પૂર્વ અને દક્ષિણમાં કોંગો પ્રજાસત્તાક અને ગિનીનો અખાત છે.
- ગેબોન ભૂતપૂર્વ ફ્રેન્ચ સંસ્થાનવાદ દેશ છે, ફ્રાન્સ તથા ફ્રાન્સીસી ભાષા અને સંસ્કૃતિ સાથે મજબૂત સંબંધ ધરાવે છે.
- તેની રાજધાની લિબ્રેવિલે છે.
- ગેબોનની વસતી 2.3 મિલિયન (વર્ષ 2021 અનુસાર) છે અને તેનો 88% વિસ્તાર જંગલ છે.
- ગેબોનનું વ્યાપકપણે 'આફ્રિકાનું લાસ્ટ ઈડન' તરીકે વર્ણન કરવામાં આવે છે.
- ગેબોન આફ્રિકામાં સૌથી વધુ શહેરીકરણ ધરાવે છે.
- તે સબ–સહારન આફ્રિકામાં ચોથું સૌથી મોટું તેલ ઉત્પાદક છે.

## SATURDAY Questions

**1.** 'વિશ્વ નાળિયેર દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?

(A) 2 સપ્ટેમ્બર (B) 3 સપ્ટેમ્બર (C) 4 સપ્ટેમ્બર (D) 5 સપ્ટેમ્બર **(A)**

**2.** મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે સપ્ટેમ્બર 2023માં કેટલામાં 'રાષ્ટ્રીય પોષણ મહિના'ની ઉજવણી કરી છે ?

(A) ચોથા (B) પાંચમા (C) છઠ્ઠા (D) સાતમા **(C)**

**3.** તાજેતરમાં આફ્રિકન દેશ ગેબોનમાં બળવો થયો છે. આ ગેબોન દેશ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે મધ્ય આફ્રિકાના એટલાન્ટિક કિનારે આવેલો એક દેશ છે.
2. તેની રાજધાની લિબ્રેવિલે છે.
3. વિશ્વમાં કોપરનું સૌથી વધુ ઉત્પાદન ગેબોનમાં થાય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 2 (D) 1, 2 અને 3 **(B)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત

➤ **ગુજરાતને 'ભૂમિ સન્માન પ્લેટિનમ સર્ટિફિકેટ' એવોર્ડ**



તાજેતરમાં ગુજરાતના ગૌરવ સિદ્ધિમાં વધુ એક સીમાચિહ્ન ઉમેરાયું છે. કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા મહેસુલના ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી અંતર્ગત ભૂમિ સન્માન એવોર્ડ માટે ગુજરાત ત્રણ આદિજાતિ જિલ્લા સહિત કુલ છ જિલ્લાઓની પસંદગી કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ શ્રીમતિ દ્રોપદી મુર્મુએ તાજેતરમાં નવી દિલ્હી ખાતે આયોજિત કાર્યક્રમમાં રાજ્યના છ જિલ્લાઓને 'ભૂમિ સન્માન– પ્લેટિનમ સર્ટિફિકેટ' એનાયત કર્યા હતા. આ જિલ્લાઓમાં અરવલ્લી, ડાંગ, જામનગર, મહેસાણા, નર્મદા અને સાબરકાંઠા જિલ્લાઓનો સમાવેશ થાય છે.

➤ **મહિલા ધારાસભ્યોને વધારાની સવા કરોડ રૂપિયાની ગ્રાન્ટ**

રાજ્યના દરેક ધારાસભ્યોશ્રીને તેમના મતવિસ્તારના કામો માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. મહિલા સશક્તિકરણ અને ધારાસભ્યોને સવા કરોડ રૂપિયાની વધારાની ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય કરાયો છે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના મહિલા ધારાસભ્યોને લોકહિતના કામો માટે મળતી નિયમિત ગ્રાન્ટમાં 2023-24ના વર્ષ માટે સવા કરોડ રૂપિયાની વધારાની ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય કર્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **સ્વદેશી રીતે વિકસિત ઈલેક્ટ્રિક ન્યુક્લિયર પાવર રિએક્ટર**

કાકરાપર એટોમિક પાવર પ્રોજેક્ટ (KAPP-3) ખાતે સ્વદેશી રીતે વિકસિત 700 મેગાવોટનું પરમાણુ રિએક્ટર હવે સંપૂર્ણ ક્ષમતાથી કાર્યરત છે. KAPP-3 એ ભારતનું સૌથી મોટું સ્વદેશી રીતે વિકસિત પ્રેશરાઈઝ્ડ હેવી વોટર રિએક્ટર (PHWR) છે, જે ઈંધણ તરીકે કુદરતી યુરેનિયમ અને વધારાના પાણીનો મધ્યસ્થી તરીકે ઉપયોગ કરે છે. તેની પાસે 'પેસિવ ડિકે હીટ રિમૂવલ સિસ્ટમ' નામની અદ્યતન સુરક્ષા સિસ્ટમ છે, જે કોઈપણ ઓપરેટરની ક્રિયાની જરૂર વગર રિએક્ટર કોરમાંથી ઉત્સર્જિત ઊર્જા દૂર કરવામાં સક્ષમ છે. ભારત 2031 સુધીમાં તેની પરમાણુ ઊર્જા ક્ષમતા 7,480 MWથી વધારીને 22,480 MW કરવાનું લક્ષ્ય રાખે છે.

## ભારત

### ➤ ગેરકાયદે કોલસાના ખનનને રોકવા માટે 'પ્રહરી' એપ



ગેરકાયદે કોલસા ખાણકામ પ્રવૃત્તિઓ સામે લડવા માટે એક ક્રાંતિકારી પગલું ભરતા કોલસા મંત્રાલયે ખનન પ્રહરી મોબાઈલ એપ લોન્ચ કરી છે. આ પ્રગતિશીલ એપ્લિકેશન નાગરિકોને જીઓ–ટેગ કરેલા ફોટોગ્રાફસ અને ટેક્સ્ટની માહિતી સબમિટ કરીને ગેરકાયદે કોલસા ખાણની ઘટનાઓની જાણ કરવામાં સક્રિય ભૂમિકા ભજવવાની મંજૂરી આપે છે. કોલ માઈન મોનિટરિંગ એન્ડ મેનેજમેન્ટ સિસ્ટમ (CMSMS) નામનું સંબંધિત વેબ પોર્ટલ ભાસ્કરાચાર્ય ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્પેસ એપ્લિકેશન એન્ડ જીઓઈન્ફોર્મેટિક્સ ગાંધીનગર અને સેન્ટ્રલ માઈન પ્લાનિંગ એન્ડ ડિઝાઈન ઈન્સ્ટિટ્યૂટ (CMPDI), રાંચીના સહયોગથી વિકસાવવામાં આવ્યું છે. આ વ્યાપક અભિગમ માત્ર અત્યાધુનિક ટેકનોલોજીનો લાભ લેતો નથી પરંતુ આ જટિલ મુદ્દાને ઉકેલવા જનભાગીદારી પર પણ ભાર મૂકે છે. વપરાશકર્તાઓ ફોટોગ્રાફસ લઈને અને ઘટના પર ટિપ્પણીઓ આપીને ગેરકાયદેસર ખાણકામની ઘટનાઓની જાણ સરળતાથી કરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ બેંકિંગ અને નાણાકીય છેતરપિંડી પર સલાહકાર બોર્ડ




સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC) એ બેંકિંગ અને નાણાકીય છેતરપિંડી પર સલાહકાર બોર્ડ (ABBFF)ની પુનઃરચના કરી છે જેથી બેંક છેતરપિંડીના કેસોની તપાસને મજબૂત બનાવવામાં આવે. CBI જેવી તપાસ એજન્સીઓને મોકલવામાં આવે તે પહેલા ABBFF બેંક છેતરપિંડીના કેસ માટે પ્રથમ–સ્તરની ટ્રાયલ બોડી તરીકે કામ કરે છે. ABBFFને નાણાકીય પ્રણાલીમાં સમયાંતરે છેતરપિંડીનું વિશ્લેષણ કરવા માટે સત્તા આપવામાં આવી છે. પુનઃગઠિત ABBFF બોર્ડમાં અધ્યક્ષ અને ચાર સભ્યોનો સમાવેશ થાય છે, દરેક છેતરપિંડી સંબંધિત બાબતોમાં તેમની કુશળતાનું યોગદાન આપે છે. ABBFFના અધ્યક્ષ અને સભ્યો બે વર્ષની મુદત માટે હોદ્દો ધરાવે છે. તમામ જાહેર ક્ષેત્રની બેંકો, વીમા કંપનીઓ અને નાણાકીય સંસ્થાઓએ ગુનાહિત તપાસ શરૂ કરતા પહેલા રૂ. 3 કરોડથી વધુના છેતરપિંડીના કેસ ABBFFને મોકલવા જરૂરી છે. ABBFFનો વિસ્તાર CVC અથવા CBI દ્વારા સંદર્ભિત કેસ માટે સલાહકાર સહાય પૂરી પાડવા સુધી વિસ્તરે છે.

➤ **રિલાયન્સ Jioએ Airfiber લોન્ચ કર્યુ**




રિલાયન્સ Jio Airfiber રજૂ કરી રહ્યું છે, જે 5G આધારિત ફિક્સ્ડ વાયરલેસ બ્રોડબેન્ડ સેવા છે જે આગામી ત્રણ વર્ષમાં લગભગ 200 મિલિયન ગ્રાહકોને આકર્ષવાની સંભાવના ધરાવે છે. આ પહેલ ભારતના અવિકસિત હોમ બ્રોડ બેન્ડ માર્કેટમાં ક્રાંતિ કરીને Jio મોબાઈલ ડેટા સેવાઓની સફળતાની નકલ કરવા માંગે છે. અદ્યતન વાયરલેસ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને Jioનો ઉદ્દેશ્ય છેલ્લી માઈલના કનેક્ટિવિટી પડકારોને પહોંચી વળવાનો અને દૈનિક કનેકશનમાં લગભગ દસ ગણો વધારો કરવાનો છે.

➤ **ચંદ્રયાન-3ના પ્રજ્ઞાન રોવરે ચંદ્રની સપાટી પર સલ્ફરની હાજરીની પુષ્ટિ કરી**



ISROના ચંદ્રયાન-3 મિશનના પ્રજ્ઞાન રોવરે દક્ષિણ ધ્રુવની નજીક ચંદ્રની સપાટી પર સલ્ફરની હાજરીની સફળતાપૂર્વક પુષ્ટિ કરી છે. લેસર–પ્રેરિત બ્રેકડાઉન સ્પેક્ટ્રોસ્કોપ (LIBS) સાધનોનો ઉપયોગ કરીને આ સિદ્ધિ ચંદ્ર રચનાના પ્રથમ ઈન–સીટુ માપનને ચિહ્નિત કરે છે. રોવર દ્વારા એલ્યુમિનિયમ, કેલ્શિયમ, આયર્ન અને અન્ય તત્ત્વો પણ મળી આવ્યા છે. આ તારણો ચંદ્રની મૂળભૂત રચના વિશેની આપણી સમજને વધારવા માટે મહત્ત્વપૂર્ણ છે.

➤ **NCERT અને UNESCO દ્વારા જારી કરાયેલ કોમિક બૂક**



શિક્ષણ મંત્રાલયે નવી દિલ્હીમાં NCERT અને UNESCO દ્વારા સંયુક્ત રીતે વિકસિત એક નવી કોમિક બુક ‘લેટ્સ મૂવ ફોરવર્ડ’નું અનાવરણ કર્યુ છે. આ ભાગીદારી સ્કૂલ હેલ્થ એન્ડ વેલનેસ પ્રોગ્રામ (SHWP)ના ઉદ્દેશ્યોને આગળ વધારવા તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું છે. તે આયુષ્માન ભારત અભિયાનના ભાગરૂપે વર્ષ 2018માં શરૂ કરવામાં આવ્યું હતું. અને તે MoE અને MoHFW દ્વારા સંયુક્ત રીતે સંચાલિત થાય છે. તેનો ઉદ્દેશ્ય આરોગ્ય શિક્ષણ પ્રદાન કરવાનો, રોગોને અટકાવવાનો અને આરોગ્ય સેવાઓની પહોંચમાં સુધાર કરવાનો છે. કૌમિકમાં SHWPના 11 થીમ આધારિત ઘટકો સંબંધિત માહિતી સામેલ છે. તે ઘણી ભાષાઓમાં ઉપલબ્ધ છે. જેમ કે, હિન્દી, અંગ્રેજી, આસામી, બંગાળી, ગુજરાતી, કન્નડ, મલયાલમ, મરાઠી, ઉડિયા, તમિલ અને તેલુગુ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

### ➤ Operation Duck Huntએ QaKBot નેટવર્કને નષ્ટ કર્યુ



ઓપરેશન ડક હન્ટ નામના સંકલિત વૈશ્વિક ઓપરેશનમાં યુ.એસ., ફ્રાન્સ, જર્મની, લાતવિયા, રોમોનિયા, નેધરલેન્ડ અને યુ.કે. કાયદા અમલીકરણ એજન્સીએ QaKBot માલવેર નેટવર્કનો નાશ કર્યો છે. QaKBot એક કુખ્યાત વિન્ડોઝ માલવેર નાણાકીય છેતરપિંડી અને રેન્સમવેર વિતરણમાં સંડોવાયેલા વિશ્વભરના 7,00,000થી વધુ કમ્પ્યૂટર્સને અસર થઈ છે. આ ઓપરેશનમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ દ્વારા મેળવેલ ક્રિપ્ટોકરન્સીના નફામાં 8.6 મિલિયન ડોલરથી વધુની રકમ જપ્ત કરવામાં આવી હતી.

### ➤ Flora Fauna and Fanga




તાજેતરમાં ફૂગના મહત્ત્વને ઉજાગર કરવા માટે સંયુક્ત રાષ્ટ્ર જૈવવિવિધતાએ વૈશ્વિક સ્તરે લોકોને વિનંતી કરી છે કે તેઓ જ્યારે પણ 'વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ' (ફ્લોરા અને ફોના) કહે ત્યારે 'ફૂગ' (Fanga) શબ્દનો ઉપયોગ કરે. સંયુક્ત રાષ્ટ્ર જૈવવિવિધતા અનુસાર હવે કાનૂની સંરક્ષણ માળખામાં વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ સાથે સમાન ધોરણે ફૂગને ઓળખવાનો અને સુરક્ષિત કરવાનો સમય છે. બે વર્ષ પહેલા IUCNએ પણ તેના સંદેશાવ્યવહારમાં 'માયકોલોજિકલી ઈન્કલુઝિવ' ભાષાને સમર્થન આપ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®






1. ..............માં 155 વર્ષ જૂની ઐતિહાસિક રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા ખાતે રૂ. 50 લાખના ખર્ચે તૈયાર થયેલા સ્મૃતિ સ્થળનું તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. – રાજકોટ
2. ગુજરાતનું પ્રથમ એગ્રો રેડિએશન પ્રોસેસિંગ ફેસિલિટી યુનિટ કયાં સ્થાપવામાં આવ્યું છે ? – બાવળા
3. ગુજરાતમાં પ્રથમ U-20 મેમોરિયલ પાર્ક કયાં નિર્માણ પામશે ? – અમદાવાદ
4. G20 અંતર્ગત ત્રીજી ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ વર્કિંગ ગ્રૂપની બેઠક કયાં યોજાઈ હતી ? – કેવડિયા
5. 'મિષ્ટી પ્રોજેક્ટ' શેની સાથે સંબંધિત છે ? – મેન્ગ્રુવનું વાવેતર
6. 'રાષ્ટ્રીય સિકલસેલ એનિમિયા નાબૂદિ મિશન–2047'નો કયા રાજ્યમાંથી પ્રારંભ કરવામાં આવ્યો હતો ? – મધ્યપ્રદેશ
7. કેન્દ્ર સરકારના પ્રવાસન મંત્રાલયે જાહેર કરેલા ઈન્ડિયા ટૂરિઝમ સ્ટેટિસ્ટિક્સ-2023ના અહેવાલ મુજબ ગુજરાતે ભારતમાં..........સ્થાન અને સ્થાનિક પ્રવાસીઓની સંખ્યામાં..........મું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. – પ્રથમ, પાંચમું
8. તાજેતરમાં રાજ્ય સરકારે રીંછડિયા મહાદેવ મંદિરના પરિસરનો કાયાકલ્પ કરવાનો નિર્ણય કર્યો છે. આ મંદિર કયાં આવેલું છે ? – અંબાજી નજીક રીંછડી ગામે
9. તાજેતરમાં કયા દેશે Mohajer-10 એટેક ડ્રોન રજૂ કર્યુ છે ? – ઈરાન
10. સંગીત દ્વારા એકતાના અદભૂત પ્રદર્શનમાં G20 ઓર્કેસ્ટ્રા, જેમાં G20 સભ્ય દેશોના 101 સંગીતકારો અને ગાયકો આમંત્રિત હતા, તેમણે ભારતના વારાણસીમાં..............શીર્ષકના પ્રદર્શનથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. – સૂર વસુધા
11. કઈ ભારતીય કંપનીએ ભારતીય રેલવે અને જાહેર ગતિશીલતા ઘટકોના ઉત્પાદન માટે સંયુક્ત સાહસ અંગે સ્કોડા ગ્રૂપ સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે ? – ટાટા ઓટોકોમ્પ
12. વિશ્વના પ્રથમ 'નિષ્કલંક (સ્પોટલેસ) જિરાફ'નો જન્મ કયા દેશમાં થયો હતો ? – અમેરિકા
13. કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશે મુખ્યમંત્રી નાસ્તા યોજના લાગુ કરી છે ? – તમિલનાડુ
14. ફોક્સકોનના સ્થાપક ટેરી ગોએ..........માં રાષ્ટ્રપતિની ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. – તાઈવાન
15. તાજેતરમાં કયા દેશમાં જાહેર શાળાઓમાં અબાયા પર પ્રતિબંધ મૂકયો છે ? – ફ્રાન્સ
16. તાજેતરમાં ઈન્ડોનેશિયાએ............માં સ્કાય ટ્રેન શરૂ કરી છે. – જકાર્તા
17. તાજેતરમાં સમાચારમાં રહેલ HQ-58A વાલ્કરી ડ્રોન કયા દેશનું છે ? – અમેરિકા

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**18.** કઈ રાજ્ય સરકાર 'નોલેજ હબ' અને 'આસામ ઈન્સ્ટિટયૂટ ઓફ અર્બન અફેર્સ' શરૂ કરશે ? – આસામ

**19.** તાજેતરમાં યુનાઈટેડ સ્ટેટ્સ અને પશ્ચિમ પેસિફિક મહાસાગરમાં સ્થિત એક દેશ.........એ દરિયાઈ વ્યવસ્થાપનને વધારવા માટે વિસ્તૃત દ્વિપક્ષીય કાયદા અમલીકરણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. – રિપબ્લિક ઓફ પલાઉ

**20.** તાજેતરમાં સમાચારમાં રહેલ ઈડાલિયા શું છે ? – અમેરિકામાં ત્રાટકેલું વાવાઝોડું

**21.** આસામ રાજ્યના મુખ્યમંત્રી શ્રી હિમંતા બિસ્વા સરમાએ આસામના સૌથી લાંબા ફલાયઓવર 2.63 KM લાંબા ................નું અનાવરણ કર્યુ છે. – નિલાચલ ફલાયઓવર

**22.** એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)ની ભાગીદારીમાં ભારત કયા શહેરમાં 'કલાઈમેટ ચેન્જ એન્ડ હેલ્થ હબ' ખોલવા જઈ રહ્યું છે ? – નવી દિલ્હી

**23.** 'કાશી કલ્ચર પાથવે' દસ્તાવેજ કયા જૂથનો છે ? – G20

**24.** 'B20 સમિટ ઈન્ડિયા 2023'નું યજમાન કયું શહેર છે ? – નવી દિલ્હી

**25.** કયા કેન્દ્રીય મંત્રાલયે 'લઘુ સિંચાઈ યોજનાની છઠ્ઠી વસતી ગણતરી' પર અહેવાલ બહાર પાડયો છે ? – જળ શક્તિ મંત્રાલય

**26.** 'સ્ટેટ ઓફ ઈન્ડિયાઝ બર્ડ્સ' રિપોર્ટ મુજબ કેટલી પ્રજાતિઓને ઉચ્ચ સંરક્ષણ ચિંતા તરીકે ઓળખવામાં આવી હતી ? – 178

**27.** સંરક્ષણ મંત્રાલયે ભારતીય નૌકાદળ માટે પાંચ ફલીટ સપોર્ટ શિપ માટે કઈ કંપની સાથે રૂ. 19,000 કરોડના કરાર પર હસ્તાક્ષર કર્યા છે ? – હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ

**28.** તાજેતરમાં ડાઈવિંગ સપોર્ટ ક્રાફટ (DSC) પ્રોજેક્ટ 'DSC A20' (યાર્ડ 325), ..............માં લોન્ચ કરવામાં આવ્યું હતું. – કોલકાતા (હુગલી નદી)

**29.** તાજેતરમાં સમાચારોમાં જોવા મળેલ 'ઓપરેશન મુસ્કાન' કયા શહેરમાં લાગુ કરવામાં આવ્યું હતું ? (ગુમ થયેલા બાળકોને શોધવા માટેનું મિશન) – મુંબઈ

**30.** કયા દેશમાં પુરાતત્વોવિદોએ પાદરીઓની 3000 વર્ષ જૂની કબર શોધી કાઢી છે ? – પેરુ

**31.** કયું રાજ્ય 'લાડલી બહના યોજના' લાગુ કરી રહ્યું છે ? – મધ્યપ્રદેશ

**32.** ભૂતપૂર્વ ભારતીય નૌકાદળના કમાન્ડર..........એ ગોલ્ડન ગ્લોબ રેસ (GGR), 2022માં પોડિયમ ફિનિશ મેળવીને એકલ જળયાત્રા પૂર્ણ કરવાનો વધુ એક રેકોર્ડ હાંસલ કર્યો છે. – અભિલાષ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# 50% BIG DISCOUNT

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here

**આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )**

# 50% BIG DISCOUNT

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here




Click Here

**આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )**

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS



# સાતમ આઠમ OFFER

# BIG DISCOUNT

અત્યારે જ
**iceonline**
App ડાઉનલોડ કરો
Google Play | Download on the App Store

| | | |
|---|---|---|
| GSRTC કંડક્ટર ડ્રાઈવર | 3 Months Validity ~~₹3599/-~~ ₹999/- | 6 Months Validity ~~₹3599/-~~ ₹1799/- GK ની જમાવટ બુક ફ્રી |
| વનરક્ષક Forest Guard | 3 Months Validity ~~₹4000/-~~ ₹599/- | 3 Months Validity ₹699/- વનરક્ષક બુક ફ્રી |
| VMC જૂ.કલાર્ક | 45 Days Validity ~~₹2013/-~~ ₹499/- | 3 Months Validity ~~₹1350/-~~ ₹666/- |

| | | | |
|---|---|---|---|
| GPSC Startegy Course | 3 Months Validity ~~₹12000/-~~ ₹2999/- | 6 Months Validity ~~₹14000/-~~ ₹3499/- | 12 Months Validity ~~₹15600/-~~ ₹3899/- |
| CCE | 3 Months Validity ~~₹5200/-~~ ₹1299/- | 6 Months Validity ~~₹7200/-~~ ₹1799/- | 12 Months Validity ~~₹8000/-~~ ₹1999/- |

| | | |
|---|---|---|
| 2 Star-PSI | 6 Months Validity ~~₹10000/-~~ ₹2499/- | 12 Months Validity ~~₹16000/-~~ ₹3999/- |
| રક્ષક કોન્સ્ટેબલ | 6 Months Validity ~~₹8000/-~~ ₹1999/- | 12 Months Validity ~~₹14000/-~~ ₹3499/- |

GPSC Class 1/2, S.T.I., PI, Dy.S.O., નાયબ મામલતદાર, ચીફ ઓફિસર, PSI-ASI-કોન્સ્ટેબલ-જેલ સિપાહી, બિનસચિવાલય ક્લાર્ક, વનરક્ષક, FHW-MPHW, તલાટી, જુ.ક્લાર્ક, TET-TAT તથા ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી એપ્લિકેશન

## સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા માટે અત્યારે જ

Google Play પરથી iceonline DOWNLOAD કરો

OR

QR કોડ સ્કેન કરો

**FREE**

- E-Books
- Daily Weekly & Final Mock Test
- LECTURE PDF
- READING SCHEDULE

HIGH SCORING STRATEGY




LIVE + RECORDED BATCH

- સ્પર્ધાત્મક પરીક્ષામાં આપની સફળતા સુનિશ્ચિત કરવા માટે તમામ વિષયોનો 360° અભ્યાસ
- સ્પર્ધાત્મક પરીક્ષાનો વિશેષ અનુભવ ધરાવતી વિષય નિષ્ણાત ફેકલ્ટીઓની ટીમ દ્વારા દરેક વિષયોનો ટુ ધી પોઈન્ટ અભ્યાસ
- નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ સંપૂર્ણ અભ્યાસક્રમને આવરી લેતા અદ્યતન માહિતી સાથેના લેટેસ્ટ વીડિયો લેક્ચર
- સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ
- તમામ વિષયોનો ટોપિક વાઈઝ ઊંડાણપૂર્વક અભ્યાસ કરાવતા વીડિયો લેક્ચર

સ્પર્ધાત્મક પરીક્ષાની સર્વશ્રેષ્ઠ તૈયારી માટે અમારી સાથે જોડાયેલા રહો

YOUTUBE ICE RAJKOT
TELEGRAM t.me/icerajkotofficial
WHATSAPP GROUP www.joinicerajkot.com
FACEBOOK ICE RAJKOT
INSTAGRAM ICE RAJKOT
TWITTER ICE RAJKOT

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા
SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT